પેટ્રોલના ભાવમાં ભડકો થવાની સંભાવના

પેટ્રોલ પર ઓઈલ કંપનીઓને કુલ નુકસાન લીટર દીઠ ૭થી પણ વધુ : એકસાઈઝ ડયુટીમાં ઘટાડો કરવાની ઉગ્ર રજૂઆત

નવી દિલ્હી, તા.૧૦

પેટ્રોલના વેચાણ પર ઓઈલ કંપનીઓને નુકસાન દિનપ્રતિ દિન વધી રહ્યુ છે. હવે નુકસાન લીટર દીઠ રૂપિયા ૭થી ઉપર પહોંચ્યુ છે ત્યારે ઓઈલ કંપનીઓએ આક્રમક વલણ અપનાવી પેટ્રોલ પર થઈ રહેલા નુકસાન માટે સબસીડી ઉપલબ્ધ કરાવવા અથવા તો એ કાસાઈઝ ડયુટીમા ઘટાડો કરવાની જોરદાર રજૂઆત કરી છે. પેટ્રોલ પર સબસીડીની માંગણી છેલ્લા ઘણા દિવસથી ઓઈલ કંપનીઓ દ્વારા કરવામા આવી રહી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ માટેના રાજયપ્રધાન આરપીએમ સિંહે આજે લોકસભામા માહિતી આપતા જણાવ્યુ હતુ કે પહેલી ડિસેમ્બર ૨૦૧૧ બાદથી ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ પેટ્રોલની કિમતમાં કોઈ વધારો કર્યો નથી. આંતરરાષ્ટ્રીય કિંમતો પેટ્રોલિયમ પેદાશોની આસમાને પહોંચી છે. આવી સ્થિતિમાં ઓઈલ કંપનીઓને નુકસાન દિન પ્રતિદિન વધી રહ્યુ છે. વાસ્તવિક ખર્ચની સરખામણીમાં હાલમાં રિટેલ વેચાણ કિંમત દિલ્હીમા લિટર દીઠ ૬૫.૬૪ છે. નુકસાન લીટરદીઠ ૮.૬૦ રૂપિયા છે. પ્રધાને કહ્યુ હતુ કે પેટ્રોલના વેચાણ પર અંડર રિકવરી લીટરદીઠ ૭.૧૭ રૂપિયા છે. લોકલ સેલટેક્સ અથવા વેટમાં ૨૦ ટકા ઉમેરાઈ ગયા બાદ પેટ્રોલની કિંમતમા ઈચ્છીત વધારો લીટરદીઠ ૮.૬૦ રૂપિયા હોવો જોઈએ. પ્રધાને એમ પણ કહ્યુ હતુ કે પેટ્રોલના વેચાણ પર થઈ રહેલા જંગી નુકસાનની અસરને ટાળવા ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા હવે કેટલીક

રજૂઆતો કરવામા આવી રહી છે. સબસીડી ઉપલબ્ધ કરાવવા જેના ભાગરૂપે પેટ્રોલ ઉપર અથવા તો એકસાઈઝ ડયુટીમા ઘટાડો કરવાની માંગણી કરવામા આવી રહી છે. તેમણે કહ્યુ હતુ કે ઓઈલ માર્કેટીંગ કંપનીઓ દ્વારા પેટ્રોલ પર એકસાઈઝ ડયુટીમા ઘટાડા કરી નુકસાનને ઘટાડવાની રજૂઆત થઈ રહી છે. સિંહે એક લેખિત પ્રશ્નના જવાબમાં કહ્યુ હતુ કે તેમના મંત્રાલયે નાણા મંત્રાલય સમક્ષ આ મામલો ઉઠાવ્યો છે. સરકારે જૂન ૨૦૧૦માં પેટ્રોલની કિમંતને અંકુશમુક્ત કરી દીધી હતી. પરંતુ અન્ય પેટ્રોલિયમ પેદાશો તેના અંકુશ હેઠળ છે. પેટ્રોલની કિમંત અંકુશ મુક્ત કરાઈ હોવા છતાં ભાવમાં પહેલી ડિસેમ્બર બાદથી કોઈ વધારો કરવામા આવ્યો નથી. એ વખતે ફયુઅલનો આયાતી ખર્ચ બેરલદીઠ ૧૦૯.૩૦ ડોલર હતો જે હવે વધીને પ્રતિબેરલ ૧૨૦ ઉપર પહોંચ્યો છે. છેલ્લા સુધારા વેળા ઓઈલ કંપનીઓએ રેટમાં લીટર દીઠ ૬૫ પૈસાનો ઘટાડો કર્યો હતો. ઓઈલ કંપનીઓને વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં ખર્ચ કરતા ઓછી કિમતે પેટ્રોલ વેચવા બદલ ૪૮૫૯ કરોડનુ નુકસાન થયુ છે. જે ડીઝલ, એલપીજી અને કેરોસીનને માર્કેટ કિંમત કરતા ઓછી કિમતે વેચવા બદલ થયેલા કુલ નુકસાન કરતા વધારે હોઈ શકે છે. જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપનીઓને વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં અંડર રિકવરી નુકસાન અથવા તો રેવન્યુ નુકસાન ૧૩૮૫૪૧ કરોડ રૂપિયાનુ હતુ જે ૨૦૧૦-૨૦૧૧માં ૭૮૧૯૦ કરોડના નુકસાન કરતા ૭૭ટકા વધારે છે. સરકારે હજુ સુધી રોકડ સબસીડીમાં ૪૫૦૦૦ કરોડ આપ્યા છે.

ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના નામ ઉપર સૌથી વધુ યોજના

નવી દિલ્હી,તા. ૧૦

દેશમાં કઈ હસ્તીના નામે સૌથી વધુ કેન્દ્રીય યોજનાઓ ચાલી રહી છે. આ પ્રશ્નના જવાબમાં તમામ લોકો મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરુનું નામ આપશે. કેટલાક લોકો ઈન્દિરા ગાંધીનું નામ પણ આપશે પરંતુ તમામને જાણીને આશ્ચર્ય થશે કે કેન્દ્ર સરકારની દરેક ચોથી યોજના રાજીવ ગાંધીના નામ ઉપર ચાલી રહી છે. ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના નામ ઉપર સૌથી વધુ યોજના હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ બીજા સ્થાન ઉપર ઈન્દિરા ગાંધી છે. યોજના મામલાઓના રાજ્યપ્રધાન અશ્વિની કુમારે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે આયોજન પંચના આંકડા મુજબ દેશની ટોચની હસ્તીઓના નામે ૫૮ યોજના ચાલી રહી છે. આમાથી ૧૬ યોજનાઓ રાજીવ ગાંધીના નામ ઉપર ચાલી રહી છે. આ યોજનામાં મુખ્ય રાજીવ આવાસ યોજના, રાજીવ ગાંધી મિત્ર યોજના, રાજીવ ગાંધી પંચાયત અભિયાન, રાજીવ ગાંધી ગ્રામીણ

વિદ્યુતીકરણ યોજના, રાજીવ ગાંધી નેશનલ ફેલોસીપ ફોર એસટી સ્ટુડન્ટનો સમાવેશ થાય છે. અશ્વિની કુમારે કહ્યું હતું કે આ મામલામાં ઈન્દિરા ગાંધીનું નામ બીજા સ્થાન પર છે. તેમના નામ ઉપર દેશમાં આઠ કેન્દ્રીય યોજના ચાલી રહી છે જેમાં ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના, ઈન્દિરા આવાસ યોજના, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજનાનો સમાવેશ થાય છે.

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપેયીના નામે પણ એક સંસ્થા ચાલે છે. આ ઉપરાંત પંડીત દિન દયાળ ઉપાધ્યાયના નામે બે યોજના ચાલી રહી છે. મંત્રીએ કહ્યું હતું કે મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ, સ્વામી વિવેકાનંદ, રવિન્દ્રનાથ ટાગોર, રાજારામ મોહનરાય, બી આર આંબેડકર, ઝાકીર હુસૈન, લાલબહાદુર શાસ્ત્રી, મૌલાના આઝાદ, મહર્ષિ સંદીપના નામ ઉપર પણ યોજના ચાલી રહી છે. બાબુ જગજીવનરામ, સરદાર વલ્લભભાઈ પટેલ, રાણી લક્ષ્મીબાઈ, કસ્તુરબા ગાંધી, ગણીખાન ચૌધરી, સંત લોન્ગોવાન નામે પણ યોજના ચાલી રહી છે.

પાકિસ્તાન દ્વારા અણુ સક્ષમ હત્ફ-૩ મિસાઈલનુ પરીક્ષણ

ઈસ્લામાબાદ, તા.૧૦

પાકિસ્તાની સેનાએ દાવો કર્યો છે કે પરમાણુ સક્ષમ બેલાસ્ટિક મિસાઈલ હત્ફ-૩નુ સફળ પરીક્ષણ કરવામા આવ્યુ છે. સેના દ્વારા જારી કરવામા આવેલા એક નિવેદનમાં જણાવવામા આવ્યુ છે કે હત્ફ-૩ મિસાઈલની રેન્જ ૨૯૦

કિલોમીટરની છે અને તે આજે સવારે છોડવામા આવી હતી. સેનાના વ્યૂહાત્મક ફોર્સકમાન્ડના ફિલ્ડ ટ્રેનીંગ કવાયતના ભાગરૂપેમિસાઈલ લોન્ચ કરવામા આવી હતી. છેલ્લા બે સપ્તાહની અંદર પાકિસ્તાન દ્વારા પરમાણુ સક્ષમ મિસાઈલનુ બીજી વખત પરીક્ષણ કરવામા આવ્યુ છે. ૨ પમી એપ્રિલના દિવસે પાકિસ્તાને ઈન્ટર મીડીયટ રેન્જની મિસાઈલનુ પરીક્ષણ કર્યુહતુ. ભારતે તાજેતરમાં જ સૌથી વધુ રેન્જ ધરાવતી અને પાકિસ્તાન અને ચીન સહિતના દુનિયાના ઘણા દેશોને આવરી લેતી મિસાઈલનુ પરીક્ષણ કર્યા બાદ સ્પર્ધા તીવ્ર બની છે. પાકિસ્તાની સેનાએ દાવો કર્યો છે કે સ્વદેશી રીતે વિકસિત કરવામા આવેલી મિસાઈલ હત્ફ-૩માં અતિઆધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામા આવ્યો છે.

સૌરવ ગાંગુલીની અંતિમ ત્રણ મેચમાંથી હકાલપટ્ટી કરવામાં આવે તેવી શકયતા

પુણે, તા.૧૦

ખરાબ ફોર્મનો સામનો કરી રહેલા પુણે વોરિયર્સના કેપ્ટન સૌરવ ગાંગુલીની આઈપીએલની અંતિમ ત્રણ મેચોમાથી હકાલપટ્ટી કરવામા આવે તેવી શકયતા છે. ટીમ મેનેજમેન્ટ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની સામે આવતીકાલે રમાનારી મેચ પહેલા આ અંગે અંતિમ નિર્ણય લેશે. મળેલી માહિતી મુજબ ટીમ મેનેજમેન્ટ ઈચ્છે છે કે બાકીની ત્રણ મેચોમાં પોતાના ભાવીને લઈને ગાંગુલી પોતે નિર્ણય કરે . આઈપીએલના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ છે કે જો ગાંગુલી કેપ્ટન પદ છોડી બાકીની ત્રણ મેચોમાં બહાર બેસવાનો નિર્ણય કરે છે તો મેનેજમેન્ટ આનો સ્વીકાર કરશે. એવી અપેક્ષા છે કે જ્યારે ટીમ ગાંગુલીની હાજરીમા હારી રહી છે તો નવા ખેલાડીઓની ઉપસ્થિતમાં આનાથી ખરાબ પરિણામ હોઈ શકે નહી. એમ માનવામા આવે છે કે ગાંગુલી નહીં રમવાની સ્થિતિમા માઈકલ કલાર્ક

અથવા તો સ્ટીવ સ્મિથને કેપ્ટનશીપ સોંપવામા આવશે ૧૩ મેચોમાથી ૯ મેચ ગુમાવી દેનાર ગાંગુલીની કેપ્ટનશીપ અને બેટ્સમેન તરીકે તેની બેટિંગ ઉપર પ્રશ્ન ઉઠાવવામા આવી રહ્યા હતા. ટુકમા ચીલસ વર્ષ પૂર્ણ કરનાર ગાંગુલી ટી-૨૦ ફોર્મેટમાં પોતાને યોગ્ય રીતે મુકી શકે નહી. અધિકારીઓનુ કહેવુ છે કે પુણે ટીમના આયોજનને લઈને પણ મેનેજમેન્ટ ખુશ નથી. પરંતુ આ મામલે ગાંગુલી સાથે ચર્ચા કરવી યોગ્ય નથી. ગાંગુલીના કેટલાક આશ્ચર્યજનક નિર્ણયથી તમામને હેરાનગતિ થઈ હતી. બાંગ્લાદેશના ઓપનીંગ બેટ્સમેન તમીમ ઈકબાલને હજુ સુધી એક પણ મેચમાં નહી રમાડવાની બાબત પણ સામેલ છે. તમીમ ઈકબાલ એશિયાકપની ચાર મેચમાં શાનદાર ફોર્મમા રહ્યો હતો. ટી-૨૦ના સ્પેશ્યાલીસ્ટ બેટ્સમેન થોમસને શરૂઆતી મેચોમા નહી રમાડવાના નિર્ણયથી પણ આશ્ચર્ય થયુ હતુ.

ચિશ્તીને પાકિસ્તાન જવાની સુપ્રીમ કોર્ટે લીલીઝંડી આપી

નવી દિલ્હી,તા. ૧૦

હત્યાના મામલે આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા ૮૨ વર્ષીય પાકિસ્તાની વૈજ્ઞાનિક મોહમ્મદ ખલીલ ચિશ્તીને ભારતમાં ૨૦ વર્ષ ગાળ્યા બાદ આજે સુપ્રીમ કોર્ટે કેટલીક શરતોના આધાર પર પાકિસ્તાન જવાની લીલીઝંડી આપી હતી. જસ્ટીસ પી. સદાશિવમ અને જસ્ટીસ જે ચેલમેસ્વરની બનેલી બેન્ચે ચિશ્તીને પાકિસ્તાન જવાની મંજૂરી આપી હતી. ચિશ્તીને પાકિસ્તાનમાં હાઈ કમીશનમાં પોતાના પાસપોર્ટ જમા કરવા અને બે સ્રામહામાં

સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રીમાં પાંચ લાખ જમા કરવાનો પણ આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે અન્ય કેટલાક આદેશ પણ આપ્યા હતા. ચિશ્તીને પહેલી નવેમ્બર સુધી ભારત ફરવાનો પણ આદેશ કર્યો હતો. કારણ કે હત્યાના મામલે તેમને દોષિત જાહેર કરવાના મામલે તેમની અરજી પર સુનાવણી હવે તીવ્ર ગતિથી આગળ વધારાશે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તેમની અપીલ પર ૨૦મી નવેમ્બરના દિવસે સુનાવણી શરૂ કરવામાં આવશે. આ અગાઉ એડિશનલ સોલિસિટર જનરલ મોહન પરાશરણે આ બાબત પર ભાર મુક્યો હતો કે ભારતમાં ચિશ્તીના ઓખખીતા લોકો તેમની તરફથી રકમ જમા કરાવે. જેથી અરજી પર સુનાવણી વેળા પાકિસ્તાની વૈજ્ઞાનિકની હાજરીની ખાતરી કરવામાં આવી શકે. જો કે કોર્ટે આ મામલે કોઈ શરત લાગુ કરી ન હતી. બેંચે કહ્યું હતું કે ચિશ્તીની મુક્ત કરવાની બાબત બે આદાર પર છે. આ અગાઉ ચોથી મેના દિવસે સુપ્રીમ કોર્ટ ચિશ્તીની પાકિસ્તાન જવાની અરજી પર સુનાવણી ચલાવવા તૈયારી બતાવી હતી.

સતત ત્રીજા દિવસે શેરબજાર મંદીમાં

મુંબઈ, તા.૧૦

શરૂઆતી કારોબારમા તેજી નોંધાયા બાદ આજે બીએસઈ સેંસેકસમાં સતત ત્રીજા દિવસે કારોબારના અંતે ઘટાડો નોંધાયો હતો. શેરબજારમાં સતત ત્રીજા દિવસે મંદીનુ મોજુ રહ્યુ હતુ. ઓટો અને મેટલ શેરમાં સૌથી વધુ ઘટાડો થતા સેંસેકસ નીચી સપાટીએ પહોંચ્યો હતો. કારોબારના અંતે સેંસેકસ ૬૦ પોઈન્ટ ઘટી ૧૬૪૨૦ની સપાટીએ પહોંચ્યો હતો. ઈન્ટ્રાડે દરમિયાન સેંસેકસ ૧૬૬૭૧ સુધી પહોચ્યો હતો. આજે શરૂઆતી કારોબારમા બજારમાં તેજી રહી હતી. છેલ્લા બે સેશનમાં ૪૩૩ પોઈન્ટનો ઘટાડો થયા બાદ તેમા વધુ ૬૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. સેંસેકસમાં આજે કુલ ૨૦ મંદી અને ૯ શેરમાં તેજી રહી હતી. જ્યારે એક શેરમાં યથા સ્થિતિ રહી હતી. આવી જ રીતે નેશનલ સ્ટોક એકસેંજના નિફટીમાં ૯ પોઈન્ટનો ઘટાડો નોંધાતા તેની સપાટી ૫૦૦૦થી નીચે રહી હતી. નિફટીઆંક ૪૯૬૬ રહ્યો હતો. બ્રોકરોનુ કહેવુ છે કે ભારતમાં પેસેન્જર કારના વેચાણમાં ધીમી ગતિએ વધારો થયા બાદ વેચવાલીનો દબાણ રહ્યો હતો. મારુતિ, હીરો મોટો, તાતા મોટર, બજાજ ઓટોમાં ૧-૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઈન્ટ્રાડે દરમિયાન ૧૫૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયા બાદ કારોબારના અંતે ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈ મેટલમાં સૌથી વધુ ૧ ટકાનો અને બીસએઈ ઓટો સેક્ટરમાં ૦.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈ મીડકેપ ઈન્ડેક્ષમાં સપાટી ૫૯૯૮ રહી હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્ષમાંસપાટી ૬૬ પોઈન્ટ સુધરી ૬૪૫૪ રહી હતી. એકદંરે બજારની સ્થિતિ નબળી રહી હતી. ૧૫૨૫ શેર મંદીમાં રહ્યા હતા જ્યારે ૧૨૩૩ શેર તેજીમા રહ્યા હતા.

પૂર્વ રાજવી રણજીતસિંહ ગાયકવાડનું અવસાન

અમદાવાદ, તા.૧૦

વડોદરા સ્ટેટના પૂર્વ રાજવી અને પૂર્વ સાંસદ શ્રીમંત મહારાજા રણજીતસિંહ ગાયકવાડનું ગઈ મોડી રાત્રે કીડનીની બિમારીના કારણે અવસાન થયુ છે. તેમના અવસાનથી પૂર્વ રાજવી પરિવાર, વડોદરાના નગરજનો અને રાજકીય પક્ષોમાં વાતાવરણ છવાઈ ગયું હતું. કોંગ્રેસના અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહેમદભાઈ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મહારાજા રણજીતસિંહ ગાયકવાડના દુઃખદ અવસાન અંગે ઘેરી શોકની લાગણી વ્યક્ત કરી હતી. વડોદરાના પૂર્વ રાજવી શ્રીમંત મહારાજા રણજીતસિંહજી ગાયકવાડ છેલ્લાં કેટલાક સમયથી બિમાર હતા. તેમના અવસાનથી વડોદરાના નગરજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. આજે સવારે ૧૦ વાગ્યાથી સ્વ. રણજીતસિંહજીના પાર્થિવ દેહને લક્ષ્મી વલામ પેલેસના દરબાર હોલમાં લોક દર્શનાર્થે મૂકવામાં આવતા વડોદરા શહેર અને જિલ્લામાંથી હજારો લોક શ્રદ્ધાંજલી અર્પવા ઉમટી પડ્યા હતા. પૂર્વ મહારાજા રણજીતસિંહના નિધનના પગલે રાજમહેલના પ્રવેશ દ્વારા પર ફરક્રાવાતો કેસરી ધ્વજ અડધી કાઠીએ પરકાવાયો હતો. કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, મહારાજા રણજીતસિંહજી ગાયકવાડ હંમેશા નાનામાં નાના માણસની ચિંતા કરી તેમને મદદરૂપ થવા સક્રિય રહ્યા હતા. તેમના અવસાનથી કલાનગરી વડોદરાએજ નહીં પણ સમગ્ર ગુજરાતને કલાઉપાસક અને કલા પ્રોત્સાહક રાજવી ગુમાવ્યા છે. રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શોકની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે મહારાજા સંયાજીરાવ ગાયકવાડની ૧૫૦મી જન્મજયંતી ઉજવાઈ રહી છે. તે સમયે રણજીતસિંહજીનું દુઃખદ અવસાન થયું છે.

એનઆરએચએમ કૌભાંડમાં ઉત્તર પ્રદેશના આરોગ્ય સચિવની પૂછપરછ

નવી દિલ્હી,તા.૧૦

કરોડો રૂપિયાના નેશનલ રૂરલ હેલ્થ મિશન (એનઆરએચએમ) કૌભાંડના સંદર્ભમાં તપાસને વધુ તીવ્ર

બનાવીને સીબીઆઈએ આજે ઉત્તર પ્રદેશમાં પૂછપરછ માટે આઈએએસ અધિકારીની અટકાયત કરી હતી. ઉત્તર પ્રદેશના આરોગ્ય સચિવની ત્યારબાદ આકરી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવેલા ટોચના સ્તરના આ વહીવટી અધિકારીની ઓળખ પ્રદીપ શુક્લા તરીકે કરવામાં આવી છે. પ્રદીપ શુક્લા અગાઉ ઉત્તર પ્રદેશ સરકારમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં મુખ્ય સચિવ તરીકે કામ કરી રહ્યા હતા. શુક્લાની વધુ માહિતી મેળવવા માટે રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન કૌભાંડના સંદર્ભમાં પૂછપરછ કરવામાં આવી હતી. તેમની અટકાયત કરવામાં આવી છે કેકેમ તેને લઈને વિરોધાભાષી અહેવાલ મળી રહ્યા છે. જો કે આ અંગે કેટલાક અહેવાલમાં તેમની અટકાયતને સમર્થન મળ્યું છે. સીબીઆઈએ કોઈ વાત કરી નથી. સીબીઆઈએ તેમની ધરપકડ કરી છે કે પછી પૂછપરછ માટે બોલાયા છે તે અંગે ચિત્ર સ્પષ્ટ થયું નથી. ઉપરાંત સીબીઆઈએ આ કેસના સંદર્ભમાં ઓછામાં ઓછી ૧૨ એફઆઈઆર પણ દાખલ કરી છે જેમાં ચારમાં શુકલના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ અગાઉ ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં કેટલાક સ્થળોએ દરોડા પાડ્યા હતા અને આ કૌભાંડના સંદર્ભમાં ડઝનથી વધુની ધરપકડ પણ કરી હતી. કેસ પણ દાખલ કર્યો હતો.

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

આ સપ્તાહનો સવાલ...?

તાજેતરમાં ક્યા રાજયના ક્યા મુખ્યમંત્રીનો હેલિકોપ્ટર દુર્ઘટનામાં આબાદ બચાવ થયો?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

સાચા જવાબો :-

ક૨ (h૬) ક૨ (૨૬) ક૦ (૬૬) ક (૨૬) ક૦ (૬૬) ક૦ (૦૬) ક૨ (૩) ક (૭) ક (૬) ક૨ (૩) ક (h) ક૨ (૨) ક (૬) ક (૨) ક૦ (૬)

આંશિક સુધારો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બાળકોની સંખ્યા ૬૫૮, બી-૨ ગ્રેડ મેળવનાર બાળકોની સંખ્યા ૧૦૮૨ અને સી-૧ ગ્રેડ મેળવનાર બાળકોની સંખ્યા ૧૨૩૨ તેમજ સી-૨ ગ્રેડ મેળવનાર બાળકોની સંખ્યા ૬૭૭છે. ડી ગ્રેડમાં ૧૨૨ બાળકોછે.

જિલ્લામાં ૧૬૬૧ બાળકોની ગુણવત્તામાં સુધારો નહિ જણાતાં તેમને નાપાસ જાહેર કરવામાં આવ્યા છે. જિલ્લામાં સૌથી સારૂ પરિણામ કલોલ કેન્દ્રનું આવ્યું છે. જે ૮૬.૫૪ ટકા છે જયારે બીજા ક્રમે પિલવાઈ કેન્દ્ર આવે છે જેનું પરીણામ ૮૫.૪૮ ટકા છે. ગાંધીનગર કેન્દ્રનું પરિણામ ૭૪.૫૮ ટકા જયારે માણસા કેન્દ્રનું પરીણામ ૪૮.૮૮ ટકા આવ્યું છે.

જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે પરંતુ પરિણામમાં આંશિક સુધારો જ થતાં વાલીઓમાં નિરાશા વ્યાપી જવા પામી છે.

જિલ્લામાં કુલ ૫૩૫૯ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ગુજરાતી માધ્યમમાં ૪૩૪૫ વિદ્યાર્થી નોંધાયા હતા આ પૈકી ૪૩૧૫ વિદ્યાર્થીઓ બેઠા હતા. જયારે અંગ્રેજી માધ્યમમાં ૯૯૧ વિદ્યાર્થી નોંધાયા હતા અને ૯૮૨ પરીક્ષામાં હાજર રહ્યા હતા. હિન્દી માધ્યમમાં ૬૨ વિદ્યાર્થી નોંધાયા હતા અને તમામ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે સૌથી વધુ વિદ્યાર્થીઓએ 'એ' ગ્રૂપ અર્થાત એન્જીનીયરીંગ વિદ્યાશાખા પર પસંદગી ઉતારી હતી. આવા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૭૫૯ હતી જયારે 'બી' ગ્રૂપ રાખનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૬૩૪ હતી. એબી ગ્રૂપ રાખનાર વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૫ ની હતી.

આજે જાહેર થયેલ પરિણામમાં એ ગ્રૂપનું પરિણામ રાજયકક્ષાએ ૭૦.૩૬ ટકા તથા બી ગ્રૂપનું પરિણામ ૬૨.૪૦ ટકા આવ્યું છે.

વિજ્ઞાન પ્રવાહનું પરિણામ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગાંધીનગર કેન્દ્રમાં ૧૧૧૮ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા છે. જિલ્લામાં સૌથી વધુ વિદ્યાર્થી ગાંધીનગર કેન્દ્રમાં નોંધાયા હતા જયારે સૌથી ઓછા વિદ્યાર્થી માણસા કેન્દ્રમાં નોંધાયા હતા. જિલ્લામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓમાં ગાંધીનગર પ્રથમ સ્થાને રહ્યું છે. ૧૧૧૮ વિદ્યાર્થી ગાંધીનગરમાં નાપાસ થયા છે. જો કે નાપાસ થનાર વિદ્યાર્થીઓની ટકાવારીમાં માણસા પ્રથમ આવે છે. માણસામાં ૧૭૯ વિદ્યાર્થી પૈકી માત્ર ૮૭ વિદ્યાર્થી જ પાસ થયા છે. ગાંધીનગર જિલ્લામાં ૧૬૬૧ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે જયારે ડી ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૪ની છે.

બાળકને પ્રેમની જલધારામાં ભીંજવો...

(પાના નં. ૪ નું ચાલુ)

બાળક પણ માટી ખાવાનું ભૂલી માટીમાંથી કંઈક બનાવશે... એની સર્જનશક્તિ ખીલી ઊઠશે. પણ ક્યાં છે આપણી પાસે સમય? બાકી ઘણું છે ન આપવા જેવું... આપણે દરિદ્ર છીએ કે આપવા જેવું થોડું - સમય અને પ્રેમ - આપણી પાસે હોવા છતાં નથી!

ગિજુભાઈ બધેકાનાં બે કાવ્યો આપણી આંખો ખોલે તેવાં છે.

''ઘડીભર રાજદ્વારી પ્રપંચ છોડી દે... ને તારા બાળક સાથે રમ,
ઘડીભર વકીલી કાવાદાવા છોડી દે... ને તારા બાળક સાથે રમ.
ઘડીભર વેપારની ગડમથલ છોડી દે... ને તારા બાળક સાથે રમ,
ઘડીભર કાવ્ય-સંગીતને છોડી દે... ને તારા બાળક સાથે રમ.
ઘડીભર ભાઈબંધને પણ છોડી દે... ને તારા બાળક સાથે રમ,
ઘડીભર પ્રભુભજનને પણ છોડી દે... ને તારા બાળક સાથે રમ.
ઘડીભર જીવન સમગ્ર વીસરી જા... ને તારા બાળક સાથે રમ,
ઘડીભર ગડમથલિયા જગતને ફેંકી દે... ને તારા બાળક સાથે રમ.''

બાળકો શક્તિનો ભંડાર છે... તમે એમનાથી કશું છુપાવી શકશો નહીં, એને ઠગી શકતો નહીં, એને બનાવી શકશો નહી, તેઓ તરત જ સમજી જાય છે કે -

''આપણી આંખમાં અમૃત છે કે ઝેર છે;
આપણી વાણીમાં કડવાશ છે કે મીઠાશ છે;
આપણા અવાજમાં હુકમ છે કે વિનંતી છે;
આપણા સ્પર્શમાં કોમળતા છે કે કર્કશતા છે;
આપણી હિલચારમાં રૂઆબ છે કે સૌંદર્ય છે;
આપણા અંતરમાં શાંતિ છે કે અશાંતિ છે;
આપણા મનમાં આદર છે કે અનાદર છે...''

બાળકો એ બધુંયે તુરત જ સમજી જાય છે. કુદરતે એમને કોણ જાણે કઈ શક્તિ આપી છે કે તેઓ આપણને પણ બરાબર સમજી જાય છે.

...અને માટે જ બાળક પરમાત્માનું રૂપ છે. એની કયારેક અવગણના ન કરીએ. એ પ્રેમ-સ્નેહનો અધિકારી છે. એને આપણી પ્રેમની જલધારામાં ભીંજવીએ. સંભવ છે આપણી પ્રેમની જલધારા અક્ષયધારો બને અને આપણે ખુદ એની ભીનાશ અનુભવીએ!

કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

ગાઢ જંગલોની વચ્ચેથી નીકળતા થતો એક પ્રાકૃતિક આનંદ - નેચરલ પ્લેઝર! કદાચ આવા કોઈ જંગલોમાંથી પસાર થાઓ ત્યારે જ સમજાય છે કે શા માટે પુરાણકથાઓમાં કે આજે પણ સંન્યાસી - ઋષિઓ તપ માટે હિમાલયની પસંદગી કરે છે!

નીચે ખરી પડેલા પાંદડાઓનો અવાજ, ઊંચા-ગીચ વૃક્ષો વચ્ચે કૂદાકૂદ કરતાં બંદરોનો અવાજ.. એ બંદરો - એ અદૃશ્ય બંદરો જે દેખાતા નથી પણ ઊંચાઈઓ પરનાં વૃક્ષો હલતા-ડોલતાં રહે છે... દિવસે બોલતાં ઝીંગુરો અને તેમાં ટહુકયા કરતાં પક્ષીઓ! જંગલનું એક જૂદુ સ્વરૂપ જ તમારી સામે આવે છે... આ એ જંગલો છે જેને કદી બુઢાપો નથી આવતો, જેનાં વૃક્ષો શતાબ્દીઓ સુધી મરતા નથી... આ હિમાલયનાં જંગલો છે! ...અને પછી ઘણુ ચાલ્યા બાદ આવે છે એક નાનો ટુરિસ્ટ બંગલો... કોકરામાં છુપાયેલો... કોઈ ફિલ્મી સીન જેવો... જયાં ગરમ ચા અને મેંગી મળે છે... અને બસ સાડા ત્રણ મિનિટનો રસ્તો અને તમે છો નેનીતાલની સૌથી ઊંચી ચોટી પર - ૨૬૧૧ મીટર - નૈના પીક! અને આટલી ઊંચાઈ એથી નેનીતાલ આપણા નેનોમાં સમાઈ જાય છે... ઊંચાઈ પર રહેવાનો આનંદ જ કંઈ જુદો હોય છે... માણસને ઊંચાઈઓ ગમે છે... અને ઊંચાઈઓ પરથી નીચે જોવું એનાથી પણ વધારે!

નૈનીતાલમાં થોડી ઊંચાઈ પર એક ઝૂ - પ્રાણી સંગ્રહાલય પણ છે... પહાડો પર આવેલા આ પ્રાણી સંગ્રહાલયની ભીંતર ફેજન્ટ જેવા પક્ષીઓ છે તો રોયલ બેન્ગાલ ટાઈગર પણ છે. દીપડા માટે એક ખૂબસૂરત હિન્દી (યા ઉર્દૂ) શબ્દ ત્યાં વાંચ્યો - ગુલદાર! ઘોરણ, સાબર જેવા અન્ય પ્રાણીઓ તો ખરા જ!

નૈનીતાલનાં બજારની રોનક ડૂબતા સૂરજ સાથે વધે છે અને નૈનીતાલ પ્રખ્યાત છે કેન્ડલ્સ માટે! મીણને ઓગાળીને આકાર આપવામાં અહીંના કારીગરો હોંશિયાર છે... રંગોથી છલકાતી - ખુશ્બુદાર - ચમકતી - સૉફ્ટ - ગ્લ